LGfL DigiSafe®

# GUJARATI TRANSLATION of the Department for Education statutory guidance for schools and colleges:

## Keeping children safe in education 2021

## Annex A: Safeguarding information for school and college staff

**“The following is a condensed version of Part one of Keeping children safe in education. It can be provided (instead of Part one) to those staff who do not directly work with children, if the governing body or proprietor think it will provide a better basis for those staff to promote the welfare of and safeguard children.”**

Find KCSIE Part 1 and Annex A translated into 12 community languages at kcsietranslate.lgfl.net

Department for Education

# 2021 માં શિક્ષણમાં બાળકોને સુરક્ષિત રાખવા

## પરિશિષ્ટ A: બધી શાળા અને કૉલેજનાં કર્મચારીઓ માટે સુરક્ષા માહિતી

“બાળકોને શિક્ષણમાં સુરક્ષિત રાખવા માટેના ભાગ એકનું સંક્ષિપ્ત સંસ્કરણ નીચે છે. જો તે સંચાલક મંડળ અથવા માલિકને લાગે કે તે બાળકોના કલ્યાણને પ્રોત્સાહન આપવા અને રક્ષણ આપવા માટે બહેતર આધાર પૂરો પાડશે તો આ તે કર્મચારીઓને (ભાગ એકને બદલે) પ્રદાન કરવામાં આવે છે જે બાળકો સાથે સીધી રીતે કામ નથી કરતા.”

## શાળા અને કોલેજના કર્મચારીઓની ભૂમિકા

1. બાળકોના કલ્યાણની સુરક્ષા કરવી અને તેને પ્રોત્સાહન આપવું **તે દરેકની** જવાબદારી છે. **દરેક વ્યક્તિ** જે બાળકો અને તેમના પરિવારો સાથે સંપર્કમાં આવે છે તેમણે એક ભૂમિકા ભજવવાની હોય છે.

2. શાળા અને કૉલેજ કર્મચારીઓ ખાસ કરીને મહત્વપૂર્ણ છે કારણ કે તેઓ ચિંતાઓને વહેલી ઓળખવાની સ્થિતિમાં છે, બાળકોને મદદ કરે છે, બાળકોના કલ્યાણને પ્રોત્સાહન આપે છે અને અને ચિંતાઓને વધતી અટકાવે છે. તે મહત્વનું છે કે તમામ કર્મચારીઓ (બાળકો સાથે સીધા કામ ન કરતા હોય તેવા લોકો સહિત) બાળકોની સુરક્ષામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

## શાળા અને કોલેજના કર્મચારીઓએ શું જાણવાની જરૂર છે

3. સુરક્ષાના હેતુઓ માટે, બાળક 18 વર્ષથી ઓછી ઉંમરના કોઈપણ હોય છે. બાળકોના કલ્યાણને સુરક્ષા અને પ્રોત્સાહન પૂરા પાડવા તે આ માર્ગદર્શનના ઉદ્દેશ્યો માટે નીચે મુજબ વ્યાખ્યાયિત છે:

- બાળકોનું દુર્વ્યવહારથી રક્ષણ કરવું;
- બાળકોના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય અથવા વિકાસને નુકશાન થતું અટકાવવું;
- સલામત અને અસરકારક સંભાળની જોગવાઈ સાથે સુસંગત પરિસ્થિતિઓમાં બાળકો મોટા થાય તે સુનિશ્ચિત કરવું; અને
- તમામ બાળકોને શ્રેષ્ઠ પરિણામો મળે તે શક્ય બનાવવા માટે પગલાં લેવા.

### બધા કર્મચારીઓએ આ કરવું જોઈએ:

- તમામ કર્મચારીઓ તેમની શાળા અથવા કૉલેજની અંદરની પ્રણાલીઓથી પરિચિત હોવા જોઈએ જે સુરક્ષાત્મક પગલાંઓને સહાય કરતાં હોય અને કર્મચારીઓની નિયુક્તિના ભાગ રૂપે આ તેમને સમજાવવું જોઈએ. ન્યૂનતમ તરીકે આ પરિશિષ્ટ અને બાળ સુરક્ષા નીતિ ઇન્ડક્શન વખતે કર્મચારીઓ સાથે શેર કરવી જોઈએ;
- તમામ કર્મચારીઓને યોગ્ય સુરક્ષાત્મક અને બાળ સંરક્ષણ તાલીમ (ઑનલાઇન રક્ષણ સહિત) પ્રાપ્ત થવી જોઈએ જે નિયમિતપણે અપડેટ કરવામાં આવતી હોય. આ ઉપરાંત, તમામ કર્મચારીઓને બાળકોને અસરકારક રીતે સુરક્ષિત રાખવા માટે જરૂરી કુશળતા અને જ્ઞાન પ્રદાન કરવા જેમ આવશ્યકતા હોય તેમ અને ઓછામાં ઓછા વાર્ષિક ધોરણે, સુરક્ષાત્મક અને બાળ સંરક્ષણ અપડેટ પ્રાપ્ત થવા જોઈએ (ઉદાહરણ તરીકે, ઇમેઇલ, ઇ-બુલેટિન અને કર્મચારીઓની મીટિંગ્સ દ્વારા);

- નિયુક્ત સુરક્ષાત્મક આગેવાન (અને કોઈપણ ડેપ્યુટી) ની ઓળખ અને તેમનો સંપર્ક કેવી રીતે કરવો તે જાણો;
- જો કોઈ બાળક તેમને કહે કે તેમની સાથે દુર્વ્યવહાર અથવા તેમની ઉપેક્ષા કરવામાં આવે છે તો શું કરવું જોઈએ. આમાં સમાવિષ્ટ છે કે તેમણે ક્યારેય બાળકને વચન ન આપવું જોઈએ કે તેઓ અત્યાચારના રિપોર્ટ વિશે કોઈને કશું કહેશે નહીં, કારણકે આખરે આ બાળકના શ્રેષ્ઠ હિતમાં ન હોઈ શકે અને,
- પીડિતોની સમસ્યાને ગંભીરતાથી લેવાઈ છે અને તેમને સમર્થન આપવામાં આવી રહ્યુ છે અને સુરક્ષિત રાખવામાં આવી રહ્યા છે તેવું આશ્વાસન આપવું જોઈએ. પીડિતને ક્યારેય એવી છાપ ન બનાવવી જોઈએ કે તેઓ અત્યાચાર, જાતીય હિંસા અથવા જાતીય સતામણીની જાણ કરીને સમસ્યા પેદા કરી રહ્યા છે, અથવા પીડિતને ક્યારેય રિપોર્ટ કરવા માટે શરમ ન મહેસુસ થવી જોઈએ.

## શાળા અને કોલેજના કર્મચારીઓએ શેનું ધ્યાન રાખવું જોઈએ

### અત્યાચાર અને ઉપેક્ષા

4. અત્યાચાર અને ઉપેક્ષાને વહેલા ઓળખવા માટે શેનું ધ્યાન રાખવું જોઈએ તે જાણવું મહત્વપૂર્ણ છે. **તમામ** કર્મચારીઓ શોષણ સહિત, અત્યાચાર અને ઉપેક્ષાના સૂચકાંકોથી પરિચિત હોવા જોઈએ જેથી તેઓ તે બાળકો જેમને મદદ અથવા રક્ષણની જરૂર હોય તેવા બાળકોના કિસ્સાઓને ઓળખવામાં સક્ષમ હોય.

5. જો કર્મચારીઓ અચોક્કસ હોય, તો તેઓએ હંમેશાં નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) સાથે વાત કરવી જોઈએ.

### અત્યાચાર અને ઉપેક્ષાના સ્વરૂપો

6. **અત્યાચાર**: બાળક સાથેના દુર્વ્યવહારનો એક પ્રકાર. કોઈક હાનિ કરીને અથવા હાનિને થતી રોકવા માટે કાર્ય કરવામાં નિષ્ફળતા મેળવીને બાળક સાથે અત્યાચાર અથવા ઉપેક્ષા કરી શકે છે. બાળકો સાથે તેમના પરિવારમાં અથવા સંસ્થાકીય અથવા સમુદાયમાં તેમના જાણીતા લોકો દ્વારા જેમને તેઓ ઓળખે છે અથવા ભાગ્યે જ, અન્ય લોકો દ્વારા અત્યાચાર થઈ શકે છે.

7. **શારિરીક અત્યાચાર**: અત્યાચારનો એક પ્રકાર જેમાં બાળકને શારિરીક હાનિ પહોંચાડવી, મારવું,ઝંઝોડવું, ફેંકવું, ઝેર આપવું, દઝાડવું અથવા ગરમ પાણીથી કે વરાળથી દઝાડવું, ડુબાડવું, ગૂંગળાવવું અથવા અન્ય શામેલ થઈ શકે છે.

8. **ભાવનાત્મક અત્યાચાર**: બાળકના ભાવનાત્મક વિકાસ પર ગંભીર અને પ્રતિકૂળ અસરો કરવા માટે બાળક સાથે સતત ભાવનાત્મક દુર્વ્યવહાર. તેમાં બાળકોને, તેઓ નકામા અથવા અપ્રિય, અપર્યાપ્ત, અથવા તે અન્ય વ્યક્તિની જરૂરિયાતોને પૂરી કરે છે તેથી જ તેમની કિંમત છે,

તેવું અભિવ્યક્ત કરવાનો આશય સમાવિષ્ટ હોઈ શકે છે. બાળકના તમામ પ્રકારના દુર્વ્યવહારમાં કેટલીક હદે ભાવનાત્મક અત્યાચાર સામેલ હોય છે, જો કે દુર્વ્યવહાર એકલો પણ થઈ શકે છે.

9. **જાતીય અત્યાચાર**: જાતીય પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે બાળક અથવા યુવાન વ્યક્તિને ફરજ પાડવી અથવા લલચાવવું, શામેલ છે, તે જરૂરી નથી કે તેમાં ઉચ્ચ સ્તરની હિંસા શામેલ હોય, શું થઈ રહ્યું છે તેની જાણ બાળક ને હોય અથવા ન પણ હોય. આ પ્રવૃત્તિઓમાં શારીરિક સંપર્ક સામેલ હોઈ શકે છે, જેમાં ભેદન (પેનેટ્રેશન) દ્વારા હુમલો (ઉદાહરણ તરીકે બળાત્કાર અથવા મૌખિક સંભોગ) અથવા હસ્તમૈથુન, ચુંબન, રબિંગ અને કપડા બહાર સ્પર્શ જેવી ગેરભેદન (નોન-પેનેટ્રેટિવ) સંબંધિત પ્રવૃત્તિઓ શામેલ હોઈ શકે છે. તેમાં બિન-સંપર્ક પ્રવૃત્તિઓ શામેલ હોઈ શકે છે, જેમ કે બાળકોને જોવા, અથવા જાતીય ચિત્રોના નિર્માણમાં, જાતીય પ્રવૃત્તિઓ જોવા, બાળકોને જાતીય રીતે અનુચિત રીતે વર્તવા પ્રોત્સાહિત કરવા અથવા અત્યાચારની તૈયારીમાં બાળકને તાલીમ આપવાનો સમાવેશ થાય છે. જાતીય અત્યાચાર ઓનલાઇન થઈ શકે છે અને ઑફલાઇન અત્યાચારને સરળ બનાવવા માટે તકનીકનો ઉપયોગ કરી શકાય છે. જાતીય અત્યાચાર ફક્ત વયસ્ક નર દ્વારા જ આચરવામાં આવે તેવું જરૂરી નથી. સ્ત્રીઓ પણ જાતીય અત્યાચારના કૃત્યો કરી શકે છે, તે પ્રમાણે અન્ય બાળકો પણ કરી શકે છે. અન્ય બાળકો દ્વારા બાળકોનો જાતીય અત્યાચાર શિક્ષણમાં ચોક્કસ રક્ષણાત્મક મુદ્દો છે (જેને સહવિદ્યાર્થીનો સહવિદ્યાર્થી પરના અત્યાચાર તરીકે પણ ઓળખવામાં આવે છે) અને **તમામ** કર્મચારીઓ તેની અને તેની શાળા અથવા કૉલેજની નીતિ અને તેની સાથે વ્યવહાર થતી પ્રક્રિયાઓથી વાકેફ હોવા જોઈએ.

10. **ઉપેક્ષા**: બાળકના સ્વાસ્થ્ય અને/અથવા મનોવૈજ્ઞાનિક જરૂરિયાતોને પહોંચી વળવા સતત નિષ્ફળતા, જે બાળકના આરોગ્ય અથવા વિકાસની ગંભીર ક્ષતિમાં પરિણમી શકે છે. એકવાર બાળકનો જન્મ થાય તે પછી: પૂરતું ભોજન, કપડાં અને આશ્રય (ઘરમાંથી બહાર કાઢી નાખવું અથવા ત્યજી દેવું) શારીરિક અને ભાવનાત્મક હાનિ અથવા જોખમથી બાળકને સુરક્ષિત કરવા; પર્યાપ્ત નિરીક્ષણની ખાતરી કરવામાં (સંભાળકર્તાઓના અપર્યાપ્ત ઉપયોગ સહિત); અથવા યોગ્ય તબીબી સંભાળ અથવા સારવારની પહોંચની ખાતરી આપવામાં માતાપિતા અથવા સંભાળકર્તાની નિષ્ફળતા; આ બધાનો ઉપેક્ષામાં સમાવેશ થાય છે. તેમાં બાળકની મૂળભૂત ભાવનાત્મક જરૂરિયાતોની ઉપેક્ષા, અથવા તેના પ્રત્યે બિનપ્રતિભાવ પણ શામેલ હોઈ શકે છે.

11. તમામ કર્મચારીઓને જાણ હોવી જોઈએ કે બાળ જાતીય અને બાળ ગુનાહિત શોષણ એ બાળ અત્યાચારના પ્રકાર હોય છે.

## સુરક્ષાત્મક મુદ્દાઓ

12. તમામ કર્મચારીઓને એવા સુરક્ષાત્મક મુદ્દાઓ વિશે જાગૃતિ હોવી જોઈએ જે બાળકોને હાનિના જોખમમાં મૂકી શકે. ડ્રગ લેવું, દારૂનો દુરુપયોગ, ઇરાદાપૂર્વક ભણતરનો ત્યાગ કરવો, ગંભીર હિંસા (કાઉન્ટી લાઇન સાથે જોડાયેલ સહિત), કટ્ટરપંથી અને નગ્ન અને અર્ધ નગ્ન છબીઓ

અને/અથવા વીડિયોઝ[1] (જેને યુવાનો નિર્મિત જાતીય કલ્પના તરીકે પણ ઓળખવામાં આવે છે)ને સહમતિથી અને બિન-સહમતિથી શેર કરવા જેવા મુદ્દાથી જોડાયેલી વર્તણૂક બાળકોને જોખમમાં મૂકે છે.

## સહવિદ્યાર્થી દ્વારા સહવિદ્યાર્થી પર અત્યાચાર

13. બધા કર્મચારીઓએ ધ્યાન રાખવું જોઈએ કે બાળકો અન્ય બાળકો સાથેઅત્યાચાર કરી શકે છે (ઘણીવાર સહવિદ્યાર્થી દ્વારા સહવિદ્યાર્થી ના અત્યાચાર તરીકે ઓળખાય છે). અને તે શાળા કે કૉલેજની અંદર અને બહાર બંને રીતે અને ઑનલાઇન પણ થઇ શકે છે. તે મહત્વનું છે કે તમામ સહવિદ્યાર્થી દ્વારા સહવિદ્યાર્થી પર અત્યાચારના સંકેતો અને ચિહ્નોને ઓળખે અને તેને કેવી રીતે ઓળખવું અને રિપોર્ટનો જવાબ આપવો તે જાણે.

14. તમામ કર્મચારીઓને સહવિદ્યાર્થી પર સહવિદ્યાર્થી દ્વારા અત્યાચાર સંબંધિત શાળા અથવા કૉલેજની નીતિ અને કાર્યવાહી સ્પષ્ટ હોવી જોઈએ. સહવિદ્યાર્થી દ્વારા સહવિદ્યાર્થી પર અત્યાચારમાં શામેલ થવાની સંભાવના સૌથી વધુ છે, પરંતુ આ સુધી મર્યાદિત ન પણ હોઈ શકે:

- ગુંડાગીરીમાં (બુલિઇંગ) (સાયબર ધમકી, પૂર્વગ્રહ આધારિત અને ભેદભાવયુક્ત ગુંડાગીરી (બુલિઇંગ) સહિત);
- સાથીદારો વચ્ચેના ઘનિષ્ઠ વ્યક્તિગત સંબંધોમાં દુરુપયોગ;
- શારિરીક અત્યાચારમાં જેમ કે મારવું, લાત મારવી, ઝંઝોડવું, બચકા ભરવા, વાળ ખેંચવા અથવા અન્યથા શારીરિક નુકસાન પહોંચાડવું આ બધાનો સમાવેશ થાય છે;
- જાતીય હિંસા, જેમ કે બળાત્કાર, ભેદન દ્વારા હુમલો અને જાતીય હુમલો;
- જાતીય સતામણી, જેમ કે જાતીય ટીકાઓ, ટિપ્પણીઓ, ટુચકાઓ અને ઑનલાઇન જાતીય સતામણી;
- બિન-સહમતિથી નગ્ન અને અર્ધ નગ્ન છબીઓ અને/અથવા વીડિયોઝ શેર કરવા;
- કોઈને સંમતિ વિના જાતીય પ્રવૃત્તિમાં સામેલ કરવા માટે, જેમ કે કોઈને કપડાં ઉતારવા, પોતાને જાતીય રીતે સ્પર્શ કરવા અથવા તૃતીય પક્ષ સાથે જાતીય પ્રવૃત્તિમાં જોડાવા માટે મજબૂર કરવું;

---

[1] સંમતિપૂર્ણ છબીઓ ઇમેજ શેરિંગ, ખાસ કરીને સમાન વયના મોટા બાળકો વચ્ચે, એક અલગ પ્રતિભાવની જરૂર પડી શકે છે. તે અપમાનજનક ન હોઈ શકે- પરંતુ બાળકોને હજુ પણ જાણવાની જરૂર છે કે તે ગેરકાયદેસર છે- જ્યારે સહમતિ વિના ગેરકાયદેસર અને અપમાનજનક છે. UKCIS નગ્ન અને અર્ધ નગ્ન છબીઓ અને વીડિયો શેર કરવા વિશે વિસ્તૃત સલાહ પ્રદાન કરે છે.

- અપસ્કીર્ટિંગ, જેમાં સામાન્ય રીતે જાતીય સંતોષ મેળવવા અથવા તેમના ભોગ બનેલા નિતંબને જોવાની ઇચ્છાથી અથવા જાતીય સંતોષ, તકલીફ અથવા ચેતવણી પેદા કરવાના હેતુસર કોઈ વ્યક્તિની પરવાનગી વગર કપડાની અંદરની તસવીર લેવાનો સમાવેશ થાય છે; અને
- દીક્ષા/હેઝિંગ પ્રકારની હિંસા અને ધાર્મિક વિધિઓ (આમાં કોઈ વ્યક્તિને ગ્રૂપમાં દાખલ કરવાની રીત તરીકે ઉપયોગમાં લેવાતી સતામણી, દુરુપયોગ અથવા અપમાનને લગતી પ્રવૃત્તિઓ શામેલ હોઈ શકે છે અને તેમાં ઑનલાઈન તત્વ પણ શામેલ હોઈ શકે છે).

## જો કોઈ બાળક વિશે તેમને ચિંતા હોય તો શાળા અને કોલેજ કર્મચારીઓએ શું કરવું જોઈએ

15. બાળકો સાથે કામ કરતા કર્મચારીઓને જ્યાં સુરક્ષાત્મક પગલાંનો પ્રશ્ન હોય ત્યાં **'અહીં આવું થઈ શકે છે'** નું વલણ જાળવવું જોઈએ. જ્યારે બાળકના કલ્યાણ વિશે ચિંતિત હોય, ત્યારે કર્મચારીઓએ હંમેશા બાળકના **શ્રેષ્ઠ હિતોમાં** કાર્ય કરવું જોઈએ.

16. કર્મચારીએ એવું ધારી ન લેવું જોઈએ કે કોઈ સહયોગી અથવા અન્ય વ્યવસાયિક પગલાં લેશે અને માહિતીને શેર કરવી જોઈએ જે બાળકોને સુરક્ષિત રાખવા માટે નિર્ણાયક હોઈ શકે છે.

17. જો બાળકના કલ્યાણ વિશે કર્મચારીઓને **કોઈપણ ચિંતા** હોય, તો તેઓએ તરત જ તેના પર કાર્ય કરવું જોઈએ. તેઓએ તેમના પોતાના સંગઠનની બાળ સંરક્ષણ નીતિનું પાલન કરવું જોઈએ અને નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) સાથે વાત કરવી જોઈએ. નિયુક્ત સલામતીની ગેરહાજરીમાં આગેવાન કર્મચારીઓએ શાળા અથવા કૉલેજની વરિષ્ઠ નેતૃત્વ ટીમના સભ્ય સાથે વાત કરવી જોઈએ.

18. નિયુક્ત સેફગાર્ડિંગ લીડ (અથવા ડેપ્યુટી) સામાન્ય રીતે આગળના પગલાઓનું નેતૃત્વ કરશે, જેમાં શાળા અથવા કૉલેજમાં અન્ય કોણ, જો કોઈ હોય તો તેને જાણ કરવી જોઈએ અને બાળકોની સામાજિક સંભાળ અને/અથવા પોલીસનો સંપર્ક કરવો કે નહીં તેનો સમાવેશ થાય છે. કેટલાક કિસ્સાઓમાં, કર્મચારીઓ બાળકોની સામાજિક સંભાળ આકારણી પ્રક્રિયાને સમર્થન આપે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. જો આ કિસ્સો હોય, તો નિયુક્ત સેફગાર્ડિંગ લીડ (અથવા ડેપ્યુટી) તેમને સમર્થન આપશે.

## આ બધું શા માટે મહત્વનું છે?

19. જોખમોને સંબોધવા માટે અને સમસ્યાઓ આગળ વધતી નિવારવા માટે મહત્વપૂર્ણ છે કે બાળકો માટે યોગ્ય સમયે યોગ્ય સહાય પ્રાપ્ત થાય. સંશોધનએ અને ગંભીર કેસની સમીક્ષાઓએ અસરકારક પગલાં લેવામાં નિષ્ફળ જવાના જોખમો વારંવાર દર્શાવ્યા છે. નબળી પ્રથાઓના ઉદાહરણોમાં અત્યાચાર અને ઉપેક્ષાના પ્રારંભિક સંકેતો પર કાર્યવાહી કરવામાં અને તેમને સંદર્ભિત કરવામાં નિષ્ફળતાનો સમાવેશ થાય છે.

## જો તેમને અન્ય કર્મચારી સભ્યથી ખતરો હોય અને તે બાળકોને નુકસાન પહોંચાડવાનું જોખમ ઉભું કરી શકે તેમ હોય તો શાળા અને કૉલેજના કર્મચારીઓએ શું કરવું જોઈએ

20. જો કર્મચારીઓને કર્મચારીઓના અન્ય સભ્ય (સ્વયંસેવકો, પુરવઠા કર્મચારીઓ, વેપારીઓ અને મુલાકાતીઓ સહિત) ની સુરક્ષાની ચિંતા હોય તો તેઓએ મુખ્ય શિક્ષક અથવા શાળા અથવા કૉલેજની વરિષ્ઠ નેતૃત્વ ટીમના અન્ય સભ્ય સાથે વાત કરવી જોઈએ.

## શાળા અથવા કોલેજની અંદર જો સુરક્ષાત્મક પગલાં સંબંધિત વ્યવહારો અંગે ચિંતા હોય તો શાળા અથવા કોલેજ કર્મચારીઓ શું કરવું જોઈએ

21. બધા કર્મચારીઓ અને સ્વયંસેવકોએ નબળા અથવા વ્યવહાર અંગે અને શાળા અથવા કૉલેજની સુરક્ષાત્મક વ્યવસ્થામાં સંભવિત નિષ્ફળતા વિશે ચિંતા વ્યક્ત કરવા સક્ષમ અનુભવવું જોઈએ અને તેમને તે જાણ હોવી જોઈએ આવી ચિંતાઓને વરિષ્ઠ નેતૃત્વ ટીમ દ્વારા ગંભીરતાથી લેવામાં આવશે.

22. શાળા અથવા કૉલેજની વરિષ્ઠ નેતૃત્વ ટીમે સામે આવી ચિંતાઓ રજૂ કરી શકવા માટે યોગ્ય વ્હિસલબ્લોઇંગ (ચેતવણી) પ્રક્રિયાઓની રચના કરેલી હોવી જોઈએ. જ્યાં કોઈ કર્મચારી સભ્ય તેમના નિયોક્તા સામે કોઈ સમસ્યા વ્યક્ત કરવામાં અસમર્થતા અનુભવે, અથવા એવું લાગે કે તેમની વાસ્તવિક ચિંતાઓને સંબોધવામાં નથી આવી રહી તો તેમના માટે અન્ય NSPCC whistleblowing advice line (NSPCC વ્હિસલબ્લોઇંગ (ચેતવણી) સલાહ લાઇન) ઉપલબ્ધ છે. કર્મચારીઓ 0800028 0285 પર કૉલ કરી શકે છે - લાઇન સોમવારથી શુક્રવાર સુધી સવારે 8:00 થી સાંજે 8:00 સુધી ઉપલબ્ધ છે અને ઇમેઇલ કરી શકે છે: help@nspcc.org.uk. વૈકલ્પિક રીતે, કર્મચારીઓ નીચેના સરનામે લખી શકે છે: નેશનલ સોસાયટી ફોર ધ પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ ચિલ્ડ્રન (NSPCC), વેસ્ટન હાઉસ, 42 કર્ટેન, રોડ, લંડન EC2A 3NH.